શ્રી નવીન.

મોહિની-ચંદ્ર નાટકના ગાયનો.

શ્રીમંત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રિત

શ્રી દેશી નાટક સમાજને માટે.

રચનાર,

સાક્ષર શ્રી ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરી.

પ્રસિદ્ધ કરનાર,

ઝવેરી. ચંદુલાલ દલસુખરામ ધોળશાજી

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ.
ડાયમંડ જ્યુબીલી પ્રીન્ટીંગ પ્રેસમાં
દેવીદાસ છગનલાલ પરીખે છાપ્યાં.

સવંત ૧૯૫૯—સને ૧૯૦૩

કીમ્મત રૂ. ૦-૨-૦ (બે આના.)

જાહેર ખબર.

આ ઉપરથી જણાવવામાં આવે છે કે, શ્રી નવીન મોહિનીચંદ્ર નાટકના ગાયનોનો કોઇ પણ ભાગ અગર કોઈ પણ ગાયન કોઈ માણસે અમારી રજા સીવય છાપવો છપાવવો કે બજવવો બજવાવવો. નહીં તેમ છતાં કોઇ પણ માણસ અગર નાટક કર્તાઓ વગેરે બજવશે બજવાવશે. કે છપાવશે તો કાયદેસર ઈલાજ લેવામાં આવશે.

લી. ચંદુલાલ દલસુખરામ ધોળશાજી. ઝવેરી.
શ્રી દેશી નાટક સમાજના માલીક.

શ્રી શાન્તિ નાથાય નમઃ

શ્રી નવીન "મોહિનીચંદ્ર" નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

મંગળાચરણ.

પ્ર. ૧ લો—જુના ગઢના નાગર ગીરધરરાયની કન્યા મોહીની પોતાની માતા ગંગા આગળ કન્યાદાન સંબંધી વીચાર પાછળથી ગીરધરરાય દસહજારની થેલી લઈ આવે છે. મોહિનીના વેવીશાળ સંબંધી વાત ચીત ગંગાનો પશ્ચાતાપ.

પ્ર. ૨ જો—ઈંગ્લીશ કેળવણી પામેલ ધનો, પોતાના દોસ્ત ફીકા સાથે મદીરા પીવામાં પાપ છે કે નહીં તે સંબંધી વાત ચીત જુનાગઢની ગુલજાર નાયકા સાથે ધનાનો પ્યાર ને ધનાનો પરણવાનો વિચાર ધનો જાય છે પાછળથી નોબતખાં શાહજાદો, ગુલજારનું મોહિની તમને ચાહે છે તેવું ભમાવવું શાહજાદાનો મોહીની તરફ પ્યાર.

પ્ર. ૩ જો—શાહેલીઓ ગરબો મોહીની પોતાનો બાપ દસહજારની લાલચે દીકરીને ના લાયક પતિ સાથે પરણાવે છે તેનો શોક છેવટે શીવની સ્તુતી કરી લેઇ કુંડમાં ઝંપ લાવવાની તૈયારી બદદાનતનો શાહજાદો આવી અટકાવે છે, બળાત્કારની તૈયારી ચંદ્રરાયનું અચાનક આવવું મોહીનીનો બચાવ બ્રાહ્મણ અણી વખતે મદદની મોહિનીની માગણી ચંદ્રરાય વચન.

પ્ર. ૪ થો. શાહજાદો પીરૂ સાથે ચંદ્રરાય ઉપર ગુસ્સામાં વેર લેવા યુક્તિ પોતાનો બાપ ક્યારે મરશે તેનો વીચાર સીપાઈ ન-

વાબના હુકમથી શાહજાદાને બોલાવવા આવે છે. સીપાઇ-
ની સાચાઇ, શાહજાદાની લુચાઈ, શાહજાદા તથા પીરૂનુ
તરકટ ચંદ્રરાય મોહિની ઉપર બળાત્કાર કરતો હતો તેવું
તહોમત મુકવા સલાહ કરી સીપાઇ પહેલાં કચેરીમાં પહોચવું.

પ્ર. ૫ મો. કચેરી નવાબ ચંદ્રરાયના લગ્નનું દીવાનને પુછે છે
ચંદ્રરાય આગળ બનેલી હકીક્ત જાહેર કરે છે, નવાબનું
ગુસ્સે થવું શાહાજાદાનું આવવું નવાબ ત્હેં બળાતકાર
કર્યો એમ કહી તીરસ્કાર કરે છે. શાહજાદાનું તર્કટ કરી
ચંદ્રરાય પર ઢોળી પાડવું. પીરૂ શામેલ તર્કટી પુરાવો ન-
વાબ તપાસ કરતાં નીર્દોષ ચંદ્રરાય ગુન્હેગાર ઠરે છે. તર્કટી
શાહજાદો નિર્દોષ ઠરે છે. ચંદ્રરાય એક માસની મુદત માંગે
છે. નવાબની કબુલત વારાંગનાઓ—નાચ—

પ્ર. ૬ ઠ્ઠો. દીવાન, ચંદ્રને ઠપકો ચંદ્રની લાચારી.

પ્ર. ૭ મો. ધનાના લગ્ન સંબંધી વાત ચીત અમુલખ દીકરો નકારો
નીકળ્યો તે માટે ઉદાસ ધનાનું આવવું અમુલખની શીખા-
મણ ધનાનો ઉદ્ધતાઇમાં જવાબ—કિકો—ધનો બાપને ૭
માસની નોટીસ આપે છે.

પ્ર. ૮ મો. ગીરધરાય દસહજાર લીધા તેની ખુશાલી. ગંગાની ઉ-
દાસી મોહીની શરમાતા જવાબ ગીરધરરાય પોતાના જમ-
તમાં લગ્નની તૈયારીમાં જાય છે. મોહિનીચંદ્રરાયને પર-
ણવાનું માને જણાવે છે. ને મોહીની બદલે ઓબડીને ધના
સાથે પરણાવવાનો પ્રપંચ.—

પ્ર. ૯. મો. ગુલજાર મોહીનીના સ્વરૂપનું શાહજાદાને પુછેછે. શાહ-
જાદો. ચંદ્રરાય પર કરેલા તરકટ માટે સલાહ ગુલજાર

ધનાને આવતો જોઇ યુકતીથી શાહજાદાને વીદાય કરે છે. ધનો આવી ગુલજારને દાગીનાની પેટી આપે છે ને ધનાના લગ્ન સંબંધી વાતચીત રીસાવવું, મનાવવું, ધનો પરણેલ સ્ત્રીને ઉઠાવવામાં શામેલ—

પ્ર. ૧૦ મો. મોહીની, ચંદ્રના પ્યાર માટે દીવાનના ઘર આગળ ઉદાસીમાં ચંદ્રની ધીરજ આપવી મોહીની, ચંદ્ર પાસે પ્રેમની માગણી કરી વચન માગેછે. ચંદ્રરાય વચન આપી શાન્ત કરે છે દીવાનનું અચાનક દેખવું મોહીની તથા ચંદ્રનો તીરસ્કાર કરવો ચંદ્રરાય મોહીની બન્ને સ્ત્રી ભરથાર એમ સ્પષ્ટ દર્શાવે છે. દીવાનગુસ્સે થઇ ચંદ્રરાયને ઘરમાંથી કહાડી મુકેછે.

પ્ર. ૧૧ મો. લગ્ન મંડપ ધનાના બોબડી સાથે મોહિની દરેશમાં લગ્ન.

અંક બીજો.

પ્ર. ૧ લો. ધનાના ઘરમાંથી મોહીની શમજી બોબડીને ગુલજાર તથા પીરૂ ને ધનો ઉપડાવી લેઇ જાય છે.

પ્ર. ૨ જો ગંગા તથા હીરો મ્હેતો—પાછળથી મોહીની તથા ચંદ્ર રાય આવે છે. હીરો મ્હેતો પોતાની ભાણી મોહીનીનો હસ્તમેલાપ ચંદ્રરાય સાથે કરે છે સુંપરત.—

પ્ર. ૩ જો. નવાબ જાદા ન્હોબતખાંનો મેહેલ. બોબડીને ગુલજાર પીરૂ ધનો વીગેરે લાવે છે. ઈનામ શાહજાદો મોહીની સમજી આશક પડે છે. બોબડી જાહેર માલમ પડે છે. ન્હોબતખા ગુસ્સામાં ગુલઝાર ધનાનું આવવું દીવાનગીરી તથા જાગીર માગવી બંનેને તમાચો. શાહજાદાનો પ્રપંચ ધનો તથા

ગુલજાર ફર્યાદીમાં સામેલ.

પ્ર. ૪ થો. સામાસામી વ્હેવાઇમાં તથા વ્હેવાણોની તકરાર. ધનો વીગેરે કચેરીમાં ફર્યાદ.

પ્ર. ૫ મો. નવાબને શાહજાદો, ચંદ્રરાય મોહીનીને લેઈ નાસી ગયો એમ કહી વ્હેમમાં નાંખે છે. નવાબ પ્રધાનને બોલાવવા હુકમ કરે છે. પીરૂ સામેલ ગીરધરરાય દીકરી સંબંધી ફર્યાદ ધનો અમુલખરાય ગંગા વીગેરે—નવાબ ચંદ્રરાયની ખોળ માટે નીકળવા તૈયારી શાહજાદો પોતેજ જવા નીકળે છે.

પ્ર. ૬ ઠો. સેહેસાવનમાં ઝુંપડી બાંધી રહેતાં ચંદ્રરાય તથા મોહીની પાછળથી પીરૂ તથા શાહજાદો. મોહીની તથા ચંદ્રને બાંધી લેઇ જાય છે.

પ્ર. ૭ મો. નવાબની રૂબરૂ શાહજાદો બંનેને હાજર કરે છે. મોહીની પીરૂના કબજામાં સોંપાય છે ચંદ્રને તોપને મ્હોડે બાંધી ઉડાડી મૂકવાનો ઠરાવ.

પ્ર. ૮ મો. પીરૂ મોહીનીને લેઈ જાય છે. શાહજાદો આવી મોહીનીને નીકા પઢવાનું કહે છે. મોહીનીનો તીરસ્કાર. શાહજાદો ગુસ્સે થઇ કેદખાનામાં મોકલે છે. પીરૂની યુકિત મોહીની પાસે પ્રપંચી કાગળ લખાવવા પેરવી.

પ્ર. ૯ મો. નવાબજાદો નોબતખાં નવાબ આગલ હકીકત કહે છે. નવાબ મોહીનીને બોલાવવા હુકમ કરે છે—મોહીનીને બદલે ગુલજાર જવાબ આપે છે. મોહીનીના સગાં વ્હાલાં સઘળાની સાક્ષીઓ લેઇ દસ્તાવેજમાં સહી થાય છે. અમુલખરાય તથા ગીરધર રાયના પૈસા સંબંધી ભાંજગડ—કાજી આવી નીકા પઢાવે છે. નાચ.

અંક ૩ જો

પ્ર. ૧ લો. મોહીની ચંદ્રરાયને તોપનો હુકમ થયો તથા પોતાની લાજ બચાવવા ઉપર કોટના કીલ્લાની બારીથી પડતુ મુકે છે. હબસી. પીરૂ પાછળથી શાહજાદો. ગમ્મત.

પ્ર. ૨ જો. ગુલજાર. ધનો. પ્યારમાં વાંધો. ગુલજારની બે દરકારી સાથે તીરસ્કાર ધનાની લાચારી.

પ્ર. ૩ જો મોહીની રે સીડેંન્સીમાં પોતાના પતિ ચંદ્રરાયને બચાવવાના શબબથી ધૈર્યવાનના દરેશમાં ધનો નોકરી માટે અરજી લેઈ આવે છે—મોહીની પાસે દસ રૂપીએ નોકર તરીકે રહે છે—સાહેબ સીપાઈ વીગેરે કેશની નોંધ.

પ્ર૦ ૪ થો. ધનો અપ્રસોસીમાં પુરાવાની પેરવી

પ્ર. ૫ મો. શાહજાદો અને દીવાન. શાહેબ લોક સાથે કેમ બોલવું ચાલવું તેની રીતભાત સબંધી વાતચીત—

પ્ર. ૬ ઠો. કચેરી. ઈન્સાફ. નાચ.

મુખ્ય પાત્રોનાં નામ.

સ્થળ જુનાગઢ તથા તેની પાસેનું જંગલ.

૧ **ચંદ્રરાય.** દીવાનનો દીકરો પાછળથી મોહીનીનો ભરથાર.
૨ **દીવાન.** ... નવાબનો, ચંદ્રનો બાપ.
૩ **મોહીની.** .. ... જુનાગઢના એક ગરીબ નાગરની કન્યા.
૪ **ગંગા.** ... ... તેની મા.
૫ **દીવાળી.** ... ... ધનાની ફોઈ—અમુલખની બ્હેન.
૬ **ગીરધરરાય.** ... મોહીનીનો બાપ.
૭ **ધનો.**... ... ... અમુલખરાયનો દીકરો ને મોહીની સાથે ગીરધરરાયે વીવાહ કરેલો ધણી.
૮ **ડીકો.**... ... ... તેનો દોસ્ત.
૯ **અમુલખરાય.** ... ધનાનો બાપ.
૧૦ **નવાબ.** ... ... જુનાગઢનો.
૧૧ **નોહોબતખાં શાહજાદો.** } જુનાગઢના નવાબનો પાટવી કુંવર.
૧૨ **પીરૂ.** ... ... તેનો ખાનગી સીપાઇ.
૧૩ **હીરો મ્હેતો.** ... મોહીનીનો મામો.
૧૪ **ગુલજાર.** ... ... જુનાગઢની નાયકાનો ધનાની રાખેલી.

બ્રાહ્મણો દાસીઓ સીપાઇઓ વીગેરે વીગેરે.

શ્રી પરમાત્મને નમઃ

શ્રી નવીન

મોહિની-ચંદ્ર નાટકના ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર—

સરસ્વતિ, ભગવતિ માતુ દેજે શુભમતિ.
ગુણ કથે શું મંદ મતિ, વાણી થાકે વીનવતી.
માગું સુમતિ માઈ ધાઈ.
ન્હારે કોઈ અવર નથી,
માતુ તુંહી ગતિ મતિ,—
સંસાર રણમાં બળી જળી, માજીમતિ મુંઝાઈ જંતી;
પાયે પડું છું. લળી લળી, સુઝાડજે કાંઈ [illegible] મતિ.
દેવી ન મામિ સરસ્વતિ—

(નેપથ્ય) "કન્યાદેવો દેવી વિચારી કન્યાદાન દઈએ [illegible]
ધન્ય ધન્ય લાખો ધન્ય સતી શીયળવતી નારને

ધન્ય સૃષ્ટિ સાર ધન્ય પ્રેમના ભંડારને
ચકીત થતાં દેવતા પણ દેખી સતી દેદારને—
શાણી સતી નાર સુખમાં શ્રંગાર શાંતી માર
શાન્તિ સુધાધાર છેઃ
ગોરી પતી પ્રાણ દુઃખમાં આધાર પ્રીતમ હૃદય—
હેત મણી હાર છે.
રસીલી બાળા શાન્તિ શાળા સતીનો જય જય કાર છે.

મોહિની. ૧

કન્યા દેવી દેવી વિચારી, કન્યાદાન દઇએ વિચારી.
કન્યા રાંક ગાય બીચારી.
જુગતી રે જોડી જે જન બાંધે.
પુન્ય અલૌકીક તે નર સાધે.
બાંધે પુન્ય જગમાં વાધેરે વડાઇ
બેટી દેતી આશીષ હૈયે હરખાઇ—
લાકડે માકડું જે જન સાંધે,
પાપી આ. પાપનું લગડું રે લાધે;
પાપ પોઠ ભરે એ પામર કસાઈ,
કીડા પડી રીબી રીબી મરે પસ્તાઇ—

શ્રી—ગં.　　　　　　　　૨

બોલ અરે બેવકુફ જરા વિચારી.
અહીં તો નાણાની વાત ભાઈ ભાઈ
નાણાં સાટે દીકરીને નાંખતા કુવામાં,
લાજો લાજો રે નફટ કસાઈ બસ ચુપ.
જોડલું અવીચળ રાખશે શ્રીહરી
રાંડશે કે માંડશે તમારે શી પડી
કોથળી કસાઈના પટારે છે પડી—

ગુલજાર—　　　　　　　　૩

અરે હું મસ્તાન પ્રેમની મને કોઈ ન છેડો રે,
કોઈ ન છેડો રે (૨) એહાં (૨)—
લાચાર હું બીચારીછું શીદ લ્યોછો કેડો રે;
જુવાનીથી દીવાની છું મારો છોડો છેડો રે.—
　　　　પ્રાણદાન છે પ્રીતમાં, પુરી કરજ્યો પ્રીત,
　　　　પ્રાણદાન તો સ્હેલ છે, કઠણુ પ્રીતની રીત;
આધાર તું કીરતાર મારો પાર બેડો રે.—

૪

પ્યારા મારા પ્રાણઆધાર પ્યારી પુકારે બસ પ્યાર;
વ્હાલા મારા હૈયાના હાર. તલસું તમારો દેદાર;
શ્યામ સલુણા રંગરસીલા કામણગારા બારથાર—
યૌવન શ્રંગાર છો, જીવન આધાર છો,
પોપટજી ચતુર સુજાણ—

૫

હાંરે લાવી લાવી મધુરાંખાનપાનરે પરાણે દે છે.
મેવા મીઠાઈઓ પકવાન, તાણી તાણી દે છે,
હાંરે જોડી જોડી હૈયા ફુટાઓ હાથ ફરતા ફરતા રહે છે,
ખમાખમારે દીલદાર યાર જાની કહે છે;
હાંરે આવા આવા હૈયા ફુટા, હેવાન લાલા જીવતા જયાં છે.
ભરપુર મારે ભંડારરે કમીના શી છે.

ગરબો.

માહિની તથા સાહેલીઓ—
મોહન આંગણે ચાંદનીરે ખીલી રૂપેરી રંગ, રંગરે આવો
સાહેલી રંગ માણવા;

હૈયા ખોલીને બ્હેન, બ્હેનરે વાતો કરીલ્યો વ્હાલાની

વ્હાલા વસે વીદેશમાં, બાળા બાળે વેશ.

સઈયર શાશા મોકલું, શાણુાને સંદેશ.

કુંજ લડીરે સંદેશો અમારો, જઈ વાલમને કહેજોજીરે,

પ્રીતી કાંઠાના અમે રે પંખીડાં, પ્રીતમ સાગર વીના

સુના સુનાજીરે.—

કુંજડીને વ્હાલો મીઠો મેરામણ. અમને અમૃત પાણુ.

વ્હાલાં પ્રીતમ પ્રાણુ—કું.

સાહ્યબો મારો સુલક્ષણો, એઠા જુઠા ખાય,

ઘરની સુખડી ના ગમે, સોગન જુઠા ખાય;

તમારા સમજો તમે મને વ્હાલા, જુઠડા સમ શીદ ખાઓ છો.

જીરે પીયુ તમારૂં મનડું માને તીહાં જાઓ છો.—

ભીભર્યારે ઘેબર ઘેર રઝળે છે કુશકા ખાવાને ધક્કા ખા

ઓ છો જીરે—પી.

સોળ વરસની સુંદરી. સ્વામી વરસે સાઠ,

મોહું જોઈને મોહી રહ્યાં, લાડકી કરતી લાડ,

પગમાં કાંટો લાગ્યો, નહીંરે જીવું હું તો નહીંરે જીવું મારી

સખી નણંદના. વીરહો રાજ—પણ
તેડાવજો મારા બાપાજીને, જોગી જતીને તેડાવેજીરે—

સા. મો. ૭

ધીરીધીરી; સુંદરી જરા ધીરી;
તારા વાંસે લીધી છે ફકીરી— રે. ધી.
નયન મીલાવો પ્યારી હસી બોલાવો.
આપીશ આખી અમીરી.—એજી પ્યારી—
રૂપેરીઝાવું કહેતો સોને મઢાવું.
દુરકર તું દીલગીરી.—એજી
ધીરા ધીરા કુંવર જરા ધીરા.
સગા માડીના જાયા ઓ વીરા.—ધી.
જેવી પોતાની તેવી નારી પરાઈ
ધરજો પરભવની પીડા—ધીરા.
રાવણ રોળાણો દુરયોધન દબાણો
કીચકના થયા ચીરા—એજી કૈયાકીચક—

અ. દ. ૮

દેવચન; લજાજારાખે ભગવાન સહાયક તે ધણી રે;
દેવચન પરમારથ કારણ પ્રાણ તણખલું લઉં ગણી રે;

વીના વિનતી વાદળ વરસે; કરદમ ઉગે ખાણુ બાળા—
તરૂવર ફળતાં સરવર ભળતાં કોણુ કરે છે તાણુ. બાળા—
વીર વીક્રમ વીદેશ ભટકયા. શું લેવાને લ્હાણુ.બાળા.—
તનધન અરપે પરઉપકારે ચાતુર ચતુર સુજાણુ—
પરઉપકારીની બલીહારી જીવ્યું તેનું પરમાણુ
સહાયક શ્રી હરી રે—

૯

વા

ઝટ શ્યામ સલુણા ઘર આવો રે
હવે નાથ વધુ ના તર સાવો. આવો-ઝટ.
અંતર પટમાં રહી અલબેલા,
મનથન મનડું નચાવો આવો-ઝટ.

૧૦

ચંદ્ર—

કાળા ઘોળાં કંઈ કરોડો કરી સરદાર કહેવાયા,
લાખોને કુટી લુટી ધુતી મ્હેલ માળા બનાયા;
ધર્મનિતીને છેક ડુબાવ્યા, રંક દબાવ્યા.—કાળા.
માયા મદીરા મસ્ત બની, મનમાં મલકાયા,
અક્કડ ફક્કડ છેલ થયા, ઘેર ઘેર ગવાયા;

લક્કડ પક્કડ સૈજમશાયા, બહુ ગબરાયા.—કાળા.
મ્હેલ ઝરૂખા માળીઆ, બાવલાને પાળીયાં,
કાળ ઝપાટા લાગીઆ, ક્યાંઈ ન્હેતા ચાલીયા;
પાપી રાંક હાય, ખાસડાં ખાય,
ખાલી હાથ જાય, હાડ હાઠ થાય.

ગા—   ૧૧

આશું બોલો આશું બોલો રે પીતાજી આશું,
આખી જીંદગી એળે જાય, છતા ધણીએ રંડાપો થાય.—
ચંદ્ર વિનાની ચાંદની, જીવ વિનાની કાય,
જુવતી જુગતી જોડી વિનાની, જગમાં ઝોલાં ખાય.—
હીરા મોતીને ઓઢે કે પાથરે, બાળા બાપીને ખાય,
પ્રેમ નદીની માછલી, વૈભવ સાગર પાડે કાય.—
નયનનું નીર ને હૈયાનું હીર, નણદીના વીર ગણાય,
પરઘર પેંધે પીયુ પંખીતો પંખીણીનું શું થાય.—

૧૨

કરૂણાના સાગર નટવર નાગર વ્હારે ચડો વનમાળીરે,
ગુણ રત્નાગર દેવ દીવાકર પંખીણીઓ સપડાવીરે;

બેશાણી પંખીણીરે કાંઈને સુજે થરથર ધ્રુજે. પાર
પાડો પુન્ય શાળીરે—
ભેલી વીંખાણીરે. કોઇ બચાવો. આવોરે આવો—
પર દુઃખ ભંજન માળીરે—

૧૩

પનો—

મારી નાજુકડી કોયલડી શાને મોં મરડી બેઠી,
તારી અણીયાળી આંખલડી, ઉંડી થરડાઈ પેઠી.
અરે બોલ, અરે બોલ. જરા બોલી તો બતાવ,
અરે જાઓ, અરે જાઓ. મને વધુ ના સતાવ—
કુમળ કોમળ મધુરી માળા, મધુર મંજુલ મદનની શાળા—
મદ ઘેલી માનુની હુવે માનને એ, એ. એ.

૧૪

સુ—

મને મુખડુ દેખાડી બોલો મોહન તારા બોલ હું વારૂ
તન મન ધન.—
એ રસીક રહીએ તારૂં રટણુ. એ પ્યારાજી ન્યારા કયાં
થયા.—

પહેલાં પ્રેમ દેખાડી પ્રીત અખાડી, આતુર ચાતુર કર્યાં ગયા.—

મારા લાલના નાજુક નેણુ ગયાં. એ નેણુ સાથે સબ ગયા—ં

૧૫

વાલા અલબેલા, લાલામદ ઘેલા,
જોઈ કાલુ કાલુ આ, મુખ ઘેલું ઘેલું આ, મોહીણું સુજાણુ;
બની પ્રેમ ઘેલી, રૂડી આ રસીલી.
કાલા કાલા વેણુરે, બાળા ભોળા નેણુરે, નાચું દીલો જાન-
રસીક રસીયા, હ્રદય વસીયા, સકળ ગુણના નીધાન—
આવ સોનાના પલંગે, કદળી જંઘા મ્હાલશેરે.
રસીક સંગે અતી ઉમંગે, ચતુર ચતુરા ચાલશે રે.
રસીક મારા રાજ, છો દાસીના શીરતાજ—વ્હા-

મા— ૧૬

અંત વીના કોણુ-પંથ બતાવે. પ્રભુ.
દુઃખીઆરાની દાઝ ઓલાવા-નિર્ધનીઆને કોણુ બોલાવે-
હાડ હાડ કરી સઉકો સતાવે—

ઉલટ સુલટ છે જગની ગલીઓ, નિર્ધન કેમ વટાવે,
અંતર દુશ્મન થઇ અકળાવે—

મો-ચ્યં—   ૧૭

શાણુા શાને ચમકો છો, આતો અરપણુ કરૂં છું પ્રાણ.
આતો અઘટીત થાતું જગમાં જશનું થશે નુકશાન,
નોધારીનો કર ધરો વીર કરોને વ્હાર;
તુમ દરશન વીણુ આંધળી તર છોડે મરનાર;
વૃધ વડીલનો હુકમ લેવા દયોને;
ઝાંખી ચાલાકી મારા ચતુર જવાદયોને,
આશાને અંધારે બાળા બહુ રખડી; બહુ બહુ રખડી—
જગમાં થાશે મસ્કરી, ભલે થવાનું થાય.
તુચ્છ જગતને કારણે, અનાથ રખડાવાય,
વલખાં નાહુક વીણો છો. રમણુ રંગીલા મારા;
તાત જાણુતો મારા. રેવાદયો રસીલા ચાળા,
ન્યારા ન્યારા હવે શાના રહો છો સરદાર;
છાના છાના શાણુા મારા શીર શ્રંગાર;
ધન્ય ધીર વીર નાર; વ્હારે ભોળા ભરથાર—

૧૮

રસીક મન માન્યા સંગે, સફળ જન્મારો રે.
પનોતી પદમણી સંગે અરે દીન ઘેર મારોરે.
ફંખા સાથે કંથજી શું પરહરશો શાલ,
પ્રેમ વિના હે. પ્રેમદા શાલ સમજીએ સાલ.
પ્રીતમજી જાળવી કરશું પ્રીતી રસ કયારોરે.—
આ ભીખારણ કારણે કરશો જંગલ વાસ.
વન વગડે અલમસ્ત રહે, મસ્ત પ્રેમના દાસ.
હંસણી ચતુર નહી ચુકે મોતીનો ચારોરે

૧૯

રાજા તારા નેના લાગે છે આરપાર રે
લાગે છે આરપારરે. દીવાના દીલદારરે
કારી કટારી, નાજુક બદન નારી
કઠણ કટારીનો છે મારરે
ને નાની મારી બની બીચારી
કોનો લાંચારને આધાર રે—

૨૦

ધવળા—

અમે ઈડરીઓ ગઢ જીત્યારે, આનંદ ભયો;

લોક કેશે કીયાભાઈ ઉઠયારે આનંદ ભયો;

ધનાભાઈ પરણીને ઉઠયારે આનંદ ભયો।

અંક બીજો.

જનો—

૨૧

રે ભામા રૂપમાં રંભા રામા ઉર વસી વસી રહી ઉરમાં;

તું તરૂણી તાણે જાણે, બાણે, નયન વચન નહી પુરમાં;

જાગું ઉંઘું કે સ્વપ્નમાં; સલુણી નહીં કંઇ સમજાય.

રસમાં ડુબું કે શું તરૂં; પ્રમદા નહી કંઇ પરખાય.

ધીરવીર અબળા; બાંધી લીધો ઠારી દીધો.

વચન વીણાની રસ ધુનમાં—

ગ—

૨૨

પરમેશ્વર દેવ દયા કરીએ, મળી પામર પાપી પગે પડીએ

ઘટની ઘટના ભમીને વીરમી. જગનાથ અનાથ નમે વિનવી;

ચરણે શરણે દીનબંધુ ધરે।
પ્રભુ પાપ અમાપજ માફ કરે।.

ભા. ગં. ૨૩

મારી લાડકડીની લજ્જાને સંભાળજો રે;
આપાંખવિનાની પંખીણીને પાળજો રે;
બેઉ ચતુર સુજાણ છો શું કહીએ.
તોય દંપતિને આશીશ દઇએ.
મળીમળીને હેતે પ્રેમ હેમ સંભારજયોરે.
નિર્મળ મતિ જળથી ન્હાય. અનિતીનિ વારજયો રે
જળથી છુટે માછલી નોધારી લાચાર
ગભરાતીના ગુણવતિ વિશ્વપતી છે વ્હાર--

૨૪

ગું—

રઢીઆળા રણધીર, શાણા રાણા શુરવીર;
રજની થોડી રહી.—
વ્હેલા વ્હેલા પહોંચો વીર પામરની જાણી પીડ;
સગુ સંગી કોઇ નહી,—

વિધાતા વેરણુ થઈ કે કોપ્યા કીરતાર
સાચ ડુબશે સાહ્યબા વેગે કરજ્યો વ્હાર
હે માલીક મહાવીર રાખો રાંકડાના નીર
આશા કોઈ અવર નહી—
જગતની ભાગો ભીઠ હુખ્યાને દેખાડો તીર,
સહુ સંગી એક છે તુહીં

૨૫

શા—

આવશે પ્યારી આવશે પ્યારી આવશે રે;
અહોહોહો મારી હ્રદયમણી પદમણી પધારશે રે.
હીરા મંગાવું કે મોતી મંગાવું પ્યારીનું મન શે માનશે રે;
અહોહોહો--
માળા મંગાવું કે ગજરા ગુંથાવું સુંદરીને શું ભાવશે રે
અહોહોહો--
ચંબેલી લાવું કે હીનો લગાવું રસીલી શાથી રાચશે રે
અહોહોહો—
લાડુ મંગાવું કે ઘેબર મંગાવું મોહિનીને શું ભાવશે રે;

શા—પીરૂ ૨૬

તમે બોલો (૨) છીત છીત હળવેથી;
એકદમ અકળાવે સાર નથી,
હળવે ઘુંઘટ પટ ખોલો કાંઈ નરમ ગરમમાં બોલો—
હૈયું ઉછળે મનડું ટવળે, બસ ક્યારે મળે,
રહેશો લટકી જાશો બટકી
જાશો છટકી કરશો કડકી
પ્રીત રીત સમજે શું ગોલો;
બસ જા નહી થા બહુ બોલો,
ચંપક વરણી અહો મૃગ નયની હે, મનહરણી,

શા—ફં ૨૭

અલી બોડકા બોલ રાંડ કોની તું છોડી,
અરે બોલ એં એં (૨)
તારૂ માથું ગધેડી દઈશ ફોડી—
બનડા બનીને આવ્યા તેલ ફુલેલ ચોળી,
પલંગ સંભાળું ત્યાંતો પ્યારીને બદલે;
નીકળી આ બોબડી બોડી એં એં
તારી તાલકી નાંખીશ તોડી

મો— ૨૮

કાયા કેતકી વીલાસી ભોળા મારા ભમરા,
આવો ઉરના ઉલાસી મારા ડાહ્યા ડમરા;
ગુણીયલમેં ગુંથી રાખ્યા હારને ગજરા
મનડે તો માંડી મુકયા મોહનજી મજરા—
નયન માહી તો હીસે શ્રાવણ ભાદરવો;
અંધ બની પંથ સુઝે ન આદરવો—
વાટો જોતાં જોતાં વ્હાલા ઘાસી ગયા ઉમરા—

૨૯

આવો રસીક મનોહર મંગળ મુર્તિ શામળારે
વીમળ વ્યાકુળ વાલમ વીણ આબાળા પાતળારે
તનડું તણુખ તણુખ તુમ દરશન વીણ કોડામણારે
અંગત સંગત રંગત પલક તજ શું સોહામણારે
નટખટ નેહ ભરેલા નયણે હું લલચાણીરે
તરસી તરૂણવેલી માગે દરશન પાણીરે.
પ્રીતમ પ્રીતી માળા પ્હેરાવું પ્રભાતમાંરે
અરપું યોવન કલગી હોંશે સ્વામી હાથમાંરે

ચંદ્ર 30

ભૂતળ રૂપ તણો તુ નમૂનો

સ્વામી વીના પણ એ સુનો સુનો.

વ્હાલે ભણી ગણીરે બાળા. વ્હાલે બણી ઠરીરે—

કેવી ઉમંગ સાગરમાં ડુબી.

કે લખપતીને લેવાડી તુંબી

લખપતી પામ્યો દીવ્ય ખજાનો,

ઇંદ્ર ભૂવનની મોજમજાનો,

વ્હાલે સલુણા સુજાણ– વ્હાલે ભૂતળ

ચં. મો. 31

બવરણ મારી ભામા, વાલમનો વિરામ.

સતી સુલક્ષણી શ્યામા અંતરનો આરામ;

સંસારના સંતાપે,તપેલા પરીતાપે, શીતળ કરી સ્થાપે

જાણું રમણી ચંદ્રમણીએ..................વ્હાલા વાણી.

અભીરામ

શ્યામાઓ વિશ્વમાં ગુપ્ત વિસામા

હીણુ લાગી હૈયા ફુટા અંધને નકામા.

વ્હારે વ્હારે વ્હાલા વ્હાલનો વિશ્રામ—

કમળ નયન કંચનના કટોરા;
ભરી ભરી પ્રીતીરસ પાતીરે મધુરાં;
વ્હારે વિસામાના ભેદુ શામળીયા શ્યામ--

૩૨

મો—

મને કોઇ મેળોરે મારો દીલ દેવળનો દીવડો;
હાયરે ધુતારાએ નાથ ડુભાવ્યા રે:
પીયુ મારો સુઘડ ગરીબડો— (૨)
જો કોઈ મીલાવે તેને મો માગ્યુ' આપું' રે—
આપું' જો માગે મારો જીવડો (૨)

મો—શા--

૩૩

પ્યારી વાતો મધુરી કરો પ્યારની, કાંઇ ખાતર
કરો દીલદારની--
લ્યોને લેજત જોબનના શ્રંગારની બોલ બોલ બાળા
મદનના બહારની--
ઘુંઘટ ખોલો બાળા બોલો દીવાની જુવાની દીન
ચારની; કાંઇ--
સુણોવાતો સુણાવુ' વેવારની બીક રાખો ખુદાના મારની

બધાં ગદ્ધા મસ્તી આ સંસારની નહી ચાલે હુજુર
ફીરતારની--

જમડા ઝાલે પુરા પછાડે હેવાની નાદાની મુકો પ્યારની

વા— ૩૪

સૈયાં સલુના જાઓ ખાઓગે ગારી,
ખાઓગે ગાર સૈયા ખાઓગે ગારઃ
વાસ બસે જાય રાત સોતન સંગ,
ભોર ભયે દીયે મોહે દીદાર—
બબુલ બેઠે જાઓ ભમરજી
કુનેન દઉંગી અબમે લગાર---

અંક ત્રીજો.

મો— ૩૫

કોઈ આ દુઃખી આરીની જાણે દાઝ હાયરે પ્રભુ રાખોલાજ
આશાના સ્વપ્નામાં રમતીતી; ભમરી ગાનમાં ભાન ભુલીતી;

બાપલડી અધ વચમાં લુંટાઇ ગઈ છુટયાં સંગી સુખસાજ—
દુખના ડુંગર પર અટકી રહી,
એકે દીશા દશ સુજ પડે નહીં;
કોણુ ગતીઆ રમણી હરીણીની હે પ્રભુ ગરીબ નીવાજ

પીરૂ— ૩૬

વાહ રસીલી વાહ; વાહ છબીલી વાહ: કેવી શોભે રંભા
આ રૂપાળી;
વાહ મરોડ વાહ, જુગતી જોડવા કેવી બાળ મસ્ત છે
મદ માતી;
ધીરે ધીરે જાગો મનમાની મોજ મારશું
રાતદીન રંગ રાગમાં રસીલી ગાળશું
તું ઉસ્તાદ મારી નનુ જાન
સાગ રીત ભૂલતો સઘળુ ભાન
હવે ઉઠો, પ્યારી, ઉઠો, અરે ઉઠો, રસીલી ધીરે ઉઠો;—

૩૭

ગુ—બ—

લવ લવ કરતો રહે ચૂપ બબુચક ગદ્ધા
ગુલજાર રસીક દીલદાર ઉઠાવો બુલબુલપરથી શ્રદ્ધા

શું આજ કરો છો ધંધા જી આપ હુતા શું અંધા.
ફૂટ ફૂટકેલીના ફંદા ચૂપ કર ગદ્ધાના ગદ્ધા
કરગરતો જાતે પોતે છીલદાર રસીક વર સુંદર
વાહ સીધી જેવા સુંદર રે પુંછ વીનાના બંદર
રોકડ દીધી રોજીંદા જી રોકડના અમે બંદા
લાજી મર કુલટા રંડા ચૂપ—

૩૮

સઘળા—

સત્ય સહાયક, હે જગનાયક કરજ્યો જયજયકાર
જગસુખદાયક, દંપતી લાયક હોજો દ્વારોદ્ધાર
બીણા ધારીણી મા
ભગવતિ, ગુણવતિ, રસવતિ, સરસ્વતિ
ભવભય હારક, વીઘ્ન વિનાશક ભરપૂરદે ભંડાર

समाप्त.